



# બ્રહ્મલીન નારાયણદાસજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે નડિયાદ સંતરામ મંદિરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

બ્રહ્મલીન પ.પૂ.મહંત નારાયણદાસજી મહારાજની તૃતીય પુણ્યતિથિના ઉપલક્ષમાં પ.પૂ.મહંત રામદાસજી મહારાજના સાનિધ્યમાં ધર્મ-આધ્યાત્મ- સંકીર્તનના કાર્યક્રમો શરદપૂર્ણિમાના દિવસો દરમ્યાન ઉજવવામાં આવ્યા હતા.

તા.૨૫, ૨૬-૧૦-૨૦૦૭ના દિવસોમાં નારાયણ યાગ, ઉદક શાંતિ પ્રયોગ સંપન્ન થયો, બ્રહ્મલીન પૂજ્ય ડોંગરેજી મહારાજના લઘુબંધુ પ્રભાકરભાઇના માર્ગદર્શન નીચે ૨૦ વિદ્વાનોએ નારાયણ યાગ કર્યો. આધિ, વ્યાધિ, ઉપાધિ- વાત, પિત્ત, કફના નિવારણ માટે, જ નારોગ્ય - લોકકલ્યાણની ભાવનાથી મહારાષ્ટ્રીયન વિદ્વાનો દ્વારા આ પવિત્ર પ્રયોગ સંપન્ન થયો હતો.

બ્રહ્મલીન પૂજ્ય નારાયણદાસજી મહારાજની સમાધિ પૂજનમાં પૂજ્ય મહંત રામદાસજી મહારાજ, શાખા મંદિરના મહંત, પીરાણાના મહંત, જગન્નાથ મંદિર, અમદાવાદના મહંત, કરમસદ, લાંભવેલ, આણંદના મહંતો તથા અન્ય સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પ્રતિદિન રાત્રિના ૯ કલાકે સુંદરકાંડ પાઠ, ભજન સંધ્યા, પદગાન, મુસ્લિમભાઇઓની શ્રધ્ધાંજલિ રચના - કવ્વાલીના કાર્યક્રમો યોજાયા હતા. સંતરામ મંદિરમાં શરદપૂર્ણિમાના દિવસે સવારથી જ ગામડાના, શહેરના ભાવિકો દર્શન માટે જમા થયા હતા. દૂધ પૌંઆનો ઉત્સવમાં પણ મોટી સંખ્યામાં ભાવિકજનો જોડાયા હતા.